# અમીરગઢ તાલુકાના જેસોર હિલને બે કરોડના ખર્ચે ટુરીઝમ પ્લેસ તરીકે વિકસાવાશે

પાલનપુર, તા.૨૪

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકા આવેલ જેસોર હિલ જેવા રમણીય સ્થળને ટુરીઝમ પ્લેસ તરીકે વિકસાવવાનું આયોજન જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા કરવામાં આવ્યું છે. જેના આયોજન માટે પાલનપુર મુકામે કલેકટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં કલેકટરશ્રીએ જણાવ્યું હતુ કે બનાસકાંઠા જિલ્લામાં વિવિધ સ્થળોને ટુરીઝમ પ્લેસ તરીકે વિકસાવવા સરકારશ્રી ધ્વારા રૂ.૧૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જે અન્વયે ચાલુ વર્ષે રૂ.૨ કરોડના ખર્ચથી જેસોર હિલને પ્રવાસન ધામ તરીકે વિકાસ કરવામાં આવશે. તે ઉપરાંત -સિધ્ધ તીર્થસ્થાન ઢીમા અને નડાબેટ બોર્ડર નજીક જલોયાનો પણ પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવામાં આવશે. કલેકટરશ્રીએ વન વિભાગના અધિકારીઓને સુચના આપતાં જણાવ્યુ કે જેસોરમાં સમગ્ર રાજય અને દેશના પ્રવાસીઓને આકર્ષી શકાય તેવી સુંદર ફેસીલીટી ઉપલબ્ધ બનાવીએ. તેમણે કહ્યું કે કુદરતના ખોળે આવી પ્રવાસીઓ -કૃતિને સારી રીતે માણી શકે તેવા વાતાવરણનું નિર્માણ કરીએ. તેમણે કહ્યું કે આવતા વર્ષે હાથીધરા, લોટોલ(માણેકનાથ) અને બાલારામને પણ ટુરીઝમ પોઇન્ટ તરીકે વિકસવવાનું આયોજન છે.કલેકટરશ્રીએ અંબાજીમાં ચાલતા વિકાસકામો જેવા કે થીમ પાર્ક, ચેકડેમ વગેરેના કામો ઝડપથી પૂર્ણ કરવા અધિકારીઓને સુચના આપી હતી.



જેસોર હિલ ટુરીઝમ પ્લેસ બન્યા પછી આ સુવિધાઓ પ્રાપ્ત થશે. જેમાં ૮ થી ૧૦ ટેન્ટ પ્રવાસીઓને રહેવા માટે, જાહેર શૌચાલય, સનસેટ અને સનરાઇઝ પોઇન્ટ, સસ્પેન્સન બ્રિજ, તળાવ કિનારે બેસવાની વ્યવસ્થા, એડવેન્ચર પાર્ક, નાસ્તાની કેન્ટીન, જંગલોની પેદાશનું વેચાણ, ટ્રેકીંગ, મેડીટેશન અને પ્રાથમિક સારવાર કેન્દ્ર સહિત તમામ સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી એસ.કે.રાઠોડ, નાયબ વન સંરક્ષકશ્રી, -ંત અધિકારીશ્રી આર.આઇ.શેખ, નાયબ વન સંરક્ષકશ્રી સી.એન. ચૌધરી અને જુદી જુદી કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઊંઝામાં સ્વાઇન ફ્લુથી દોઢ માસમાં બે મહિલાના મોત : લોકોમાં ભય

ઊંઝા, તા. ૨૪

ઊંઝા તાલુકામાં છેલ્લા કેટલાક વખતથી સ્વાઈન ફલુના જીવલેણ રોગચાળાએ દેખા દેતાં છેલ્લા દોઢેક માસમાં બે મહિલાઓના મોત નિપજતાં લોકોમાં ભય સાથે ગભરાટ ફેલાયો છે.

ગત જાન્યુઆરી માસમાં ઊંઝા તાલુકાના વરવાડા ગામે રહેતા સાયનાબાનુ મહંમદહનિફ મોગલ ઉં.વ. ૨૭ને ઠંડીની ઋતુમાં તાવ અને શરદી થતાં નજીકના દવાખાનાઓમાં જરૂરી સારવાર લીધી હતી. જેમાં આ મહિલાને સ્વાઈન ફલુના લક્ષણો જણાતાં વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન તેણીનું મોત નિપજ્યું હતું.

બાદ તાજેતરમાં ઊંઝા નજીકના ઐઠોર ગામની એક મહિલાને પણ સ્વાઈન ફલુના પોઝીટીવ લક્ષણો જણાયા હતાં. જેથી તેણીને વધુ સારવાર અર્થે પાટણના ધારપુરની મેડીકલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં આ મહિલાનું પણ કરૂણ મોત નિપજ્યું હતું. આમ ઊંઝા તાલુકામાં સ્વાઈનફલુને કારણે છેલ્લા દોઢેક માસમાં બે મહિલાઓના મોત થતાં લોકોમાં ભયની લાગણી ફેલાઈ છે.

તાલુકામાં સ્વાઈન ફલુના રોગ સામે કાળજી રાખવા આરોગ્ય તંત્ર દ્વારા ડોર ટુ ડોર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. તેમજ આ રોગ સામે રક્ષણ મળી રહે તે માટે આયુર્વૈદિક હોસ્પિટલમાં લોકોને વિના મૂલ્યે ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આમ છતાં હાલ ઠંડીનું પ્રમાણ ઘટી ગયું છે અને હવામાનમાં ગરમીનું પ્રમાણ વધતું જાય છે. તેમ છતાં કોણ જાણે કેમ સ્વાઈન ફલુ કાબુમાં આવ્યો નથી. જેથી આ જીવલેણ રોગને લઈને લોકો ભયભિત બન્યા છે.

ઊંઝા તાલુકામાં વધતા જતા સ્વાઈન ફલુના કેસોને નાથવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં સત્વરે આર્યુવૈદિક ઉકાળાનું વિતરણ શરૂ કરવા લોક માંગ ઉઠી છે. સ્વાઈન ફલુને અટકાવવા માટે તાકિદે યોગ્ય પગલાં ભરવા જરૂરી મનાય છે.

# જીલ્લામાં સ્વાઈનફલુના કહેરના પગલે ધનસુરામાં આર્યુવેદિક ઉકાળો વિતરણ

## વિશ્વકર્મા મંદિર દ્વારા આર્યુવેદિક ઉકાળો બનાવી ૩૫૦૦ લોકોને વિતરણ કરાયો

મોડાસા તા.૨૪

સમગ્ર અરવલ્લી જીલ્લા માં સ્વાઈનફલુ થી બચવા માટે લોકો ધ્વારા અવનવા પ્રયોગો હાથ ધરવામાં આવી રહયા છે જેમાં આ રોગ થી રક્ષણ મેળવવા માટે હાલ આર્યુવેદીક ઉકાળો એ અકસીર સાબીત નીડયો છે ત્યારે હાલ ઠેર ઠેર સામાજીક સંસ્થા ધ્વારા અને લોકો ધ્વારા આ ઉકાળા નુ વ્તરણ કરવામાં આવી રહયુ છે ત્યારે આજરોજ અરવલ્લી જીલ્લા ના ધનસુરા તાલુકા ના વીશ્વકર્મા મંદિર ના મહંત અને ગ્રામપંચાયત ના સભ્યો અને આર્યુવેદીક દવાખાના ના ડો ધ્વારા સાથે મળી ને ધનસુરા માં ઉકાળા નુ વિતરણ કરવામાં આવ્યુ હતુ આ ઉકાળા નો આજે નાના મોટા થઈ ને કુલ ૩૫૦૦ જેટલા લોકો ને આ ઉકાળા નુ વિતરણ કરવામાંઆવ્યુ હતુ ત્યારે આ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા ધનસુર ગ્રામ પંચાયત ના સદસ્ય સુરેશભાઈ મુખી જીતેન્દ્રભાઈ પટેલ વિશ્વકર્મા મંદીર ના મહંત તેમજદ મહેતા સાહેબ આર્યુવીક દવાખાના ના ડો જાગુતીબેન પટેલ સહિત ના એ મહત્વ નો ભાગ ભજવ્યો હતો તેમજ આ ઉકાળા ૮ એક દિવસ સુધી વિતરણ કરવામાં આવશે તેવુ આયોજકો ધ્વારા જણાવવા માં આવ્યુ હતુ.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# પ્રાંતિજમાં માધ્યમિક શિક્ષક સંઘનું અધિવેશન યોજાયું

## શૈક્ષણિક અધિવેશનમાં નિવૃત્ત શિક્ષકો તથા તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા.૨૨

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ રેલવે સ્ટેશન ખાતે આવેલ તપોધન વિદ્યામંદિરમાં તા ૨૨-૨-૨૦૧૫ને રવિવારના રોજ સાબરકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષણ સંઘનું ૧૭મું શૈક્ષણિક અધિવેશન યોજાયું હતું. જેમાં નિવૃત્ત શિક્ષકો તથા શિક્ષકોના તેજસ્વી બાળકોના સન્માનનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને જિલ્લા માધ્યમિક શિક્ષણ સંઘના સંયુકત ઉપક્રમે ૧૭મું શૈક્ષણિક અધિવેશન યોજાયું હતું. જેમાં શિક્ષકોને કવોલીટી એજયુકેશનની જાણકારી આપવામાં આવી હતી. તેમજ ૩૧-૫-૨૦૧૩થી ૩૧-૫-૨૦૧૫ સુધીના નિવૃત્ત સભ્ય માધ્યમિક શિક્ષકોનું સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સભ્ય શિક્ષકના બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર સમાચારના પત્રકાર અને ઓરાણ એમ.કે. હાઈસ્કુલમાં શિક્ષક તરીકેની ફરજ બજાવતા પટેલ નટુભાઈ પટેલનું પણ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમનું પણ સન્માન કરાયું અને તેમને શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે આવનાર પરીક્ષાઓને ધ્યાનમાં લઈ સીસી કેમેરા, પરીક્ષા સુધારણાનું વગેરે ચર્ચાઓ કરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના પ્રમુખ વસંતભાઈ પટેલ, મહામંત્રી ડી.એસ. પટેલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મહેસાણા હર્ષદભાઈ રાવલ વગેરે હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મીઠાભાઈ પટેલ તથા યોગેશભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# મેઘરજ રેલ્લાવાડાની આજુબાજુના વિસ્તારમાં દારૂની રેલમછેલ

ઈસરી, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના છેવાડાના ગામડાઓ રાજસ્થાનની સરહદે અડીને આવેલા હોવાથી મેઘરજ તાલુકાના અને ભિલોડાના વિસ્તારોમાં વિદેશી દારૂ અને દેશી દારૂની પોટલીઓનું ધૂમ વેચાણ કરવામાં આવે છે. બન્ને રાજ્યના બુટલેગરો સરહદી વિસ્તારનો ઉપયોગ કરી ગુજરાત રાજ્યમાં દારૂનો સપ્લાય ખૂબ જ મોટા પ્રમાણમાં કરી રહ્યા હોવા છતાં અરવલ્લી જિલ્લા પોલીસ નિંદ્રાધીન અવસ્થામાં આંખ આડા કાન કરી રહી છે.

મેઘરજ તાલુકાના રેલ્લાવાડા અને તેની નજીક આવેલા ગામડાઓની સરહદથી ગુજરાત રાજ્યમાં બુટલેગરો દ્વારા વગર પાસ પરમીટનો વિદેશી દારૂ મોટા પ્રમાણમાં ઘુસાડવામાં આવે છે. જેમાંથી બુટલેગરો મુખ્યત્વે રેલ્લાવાડા ગામનો માર્ગ પસંદ કરતા હોવાથી વિદેશી દારૂ ઘુસાડવા માટે ખુબ જ જાણીતા છે. નાર્કોટીક એક્ટ હેઠળ આવતી તમામ સામગ્રી વિરપુર રેલ્લાવાડા માર્ગ દ્વારા ગુજરાતમાં અને અન્ય રાજ્યોમાં ઘુસાડવામાં આવતો હોવાથી અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવે અને બુટલેગરો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી રેલ્લાવાડા ગામનાપ્રજાજનોની માંગ છે. રાજસ્થાન સરહદી વિસ્તાર હોવાના લીધે રેલ્લાવાડા ગામમાં અને આજુબાજુના વિસ્તારોમાં વિદેશી દારૂનુ ધૂમ વેચાણ કરવામાં આવે છે. આ ઉપરાંત અહીંના વિસ્તારનો સમાવેશ ઈશરી પોલીસ સ્ટેશન આવેલુ હોવા છતાં આ વિસ્તારમાં દારૂડિયાઓ બેફામ દારૂના નશામાં ચકનાચૂર બની રખડતા જોવા મળી રહ્યા છે. ત્યારે ઈસરી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આવા દારૂડીયાઓ સામે યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ પણ ઉઠી છે.

# પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ચાકુની અણીએ મુસ્લિમ પરિવારની લૂંટથી ચકચાર

પાલનપુર, તા.૨૪

પાલનપુરની જનરલ હોસ્પિટલમાં ગત રોજ વહેલી સવારે બે અજાણ્યા બુકાની ધારીઓએ રાજસ્થાની મુસ્લિમ પરિવારને ચાકુની અણીએ લુંટી લેતા સમગ્ર સિવિલ પરિસરમાં ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુર સિવિલમાં ગતરોજ વહેલી સવારે રાજસ્થાનના બાડમેરના અશરફભાઈ સિન્ધી પોતાના ૧૨ વર્ષના પુત્ર રફિકને શારીરિક તકલીફ થતા લઈ આવ્યા હતા દરમિયાન અશરફભાઈ કોઈ કામ અર્થે સિવિલની બહાર પરિસરમાં આવ્યા હતા તે સમયે બે અજાણ્યા બુકાનીધારી ઈસમોએ ચાકુ કાઢી અશરફ સિન્ધીને માર મારી તેમના ખિસ્સામાંથી રૂપિયા ૯૦૦૦ની લુંટ કરી ફરાર થઈ ગયા હતા બાદમાં અશરફભાઈએ સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી તેમના દિકરાને લઈ વધુ સારવાર માટે અમદાવાદ રવાના થઈ ગયા હતા પરંતુ સિવિલમાં થયેલ આ ઘટનાને પગલે સિવિલની સિકયુરીટીની વાતો કરનાર તંત્રની પોલ ખુલ્લી થઈ જવા પામી છે.

# ગુરૂબ્રાહ્મણ સમાજનો પ્રથમ સમુહ લગ્નોત્સવ મોડાસા ખાતે યોજાયો

(સમીર બલોચ /જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા તા.૨૪

ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજ અરવલ્લી જીલ્લા ઘટક નો પ્રથમ સમુહ લગ્નોત્સવ મોડાસા ખાતે યોજાયો હતો ઘટક આયોજીત સમુહ લગ્નોત્સવ માં ૠ જેટલા નવદંપતિઓ એ પ્રભુતા માં પગલા પાડયા હતા મીયા મંદિર મોડાસા ખાતે યોજાએલ આ સમુહ લગન્ત્સવ માં આસપાસ ના જીલ્લા માં થી મોટી સંખ્યા માં સમાજ ના લોકો જોડાયા હતા

જયારે ૧૦૦ થી વધુ વસ્તુઓ આ પ્રસંગે કન્યાઓ ને ભેટ આપવા માં આવી હતી આ કાર્યક્રમ માં ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજ નારાજય કક્ષા ના પ્રમુખ ગૌતમ ભાઈ ગેડીયા મોડાસા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર પુર્વ ધારાસભ્ય દીલીપસિંહ પરમાર ટીંટોઈ એઝયુકેશન ટ્રસ્ટ ના ચેરમેન પ્રહલાદસિંહ ચંપાવત તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ મહેન્દ્ર સિહ રાજપુત ડાકોર પરણામી મંદિર ના મહંત શામદાસજી મહારાજ ત્યારે આ કાર્યક્રમ ને સફળ બનાવવા ઘટક ના પ્રમુખ મહેન્દ્ર ભાઈ પંડયા મહામંત્રી ગીરધરભાઈ પંડયા તેમજ તમામ હોદ્દેદારો એ ભારે જહેમત ઉઠાવી હતી.

# બનાસકાંઠા પોલીસ સુરક્ષા સેતુમાં મસ્ત, જિલ્લાવાસીઓ તસ્કરોથી ત્રસ્ત

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લામાં સુરક્ષા સેતુ અંતર્ગત પોલીસ વિભાગ સુરક્ષાને લી જુદા જુદા કાર્યક્રમો યોજવામાં મસ્ત છે. અને જિલ્લાવાસીઓ દારૂ-જુગાર સહિતના ધંધા ચલાવનાર અસામાજિક તત્વોથી ત્રસ્ત બની ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ડીસા નજીકના લાખણીમાં ઈલેક્ટ્રોનિક્સની દુકાનમાં એક ગઠીયો ગ્રાહકના સ્વાંગમાં આવ્યો હતો અને જુદી જુદી આઈટમો જોઈ ભાવતાલ કરવા લાગ્યો હતો. મોકો જોઈ થોડીવાર દુકાનમાં બેસી રહ્યો હતો અને દુકાન માલિક આઘોપાછો થતા ચાન્સ મારી દુકાનનુ કાઉન્ટર ખોલી તેમાં પડેલી રોકડ રકમ રૂ. ૯૦,૦૦૦ ની ચોરી કરી બહાર નીકળી ગયો હતો અને આ સમગ્ર ઘટનાક્રમ દુકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. નજીકના આગથળા પોલીસ સ્ટેશનના અધિકારી-પોલીસ સ્ટાફને સીસીટીવી કુટેઝ આપી છતાં પોલીસ દ્વારા ગુનેગારને પકડવા આજદિન સુદી કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં નથી આવી જેથી સમગ્ર પંથકમાં પોલીસતંત્ર સામે ફીટકાર વરસી રહ્યો છે.

# ઊંઝાની કન્યા વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ ઉજવાયો

ઊંઝા, તા. ૨૪

કન્યા કેળવણી મંડળ, ઊંઝા સંચાલિત શ્રી જી.મ.કન્યા વિદ્યાલય પ્રાથમિક વિભાગ ઊંઝાનો ધો. ૮નો દિક્ષાંત સમારોહ શાળાના તેજસ્વી તારલાઓનું અભિવાદન અને સાંસ્કૃતિક કાર્યક્રમ એવા ત્રિવેણી સંગમસમો વાર્ષિકોત્સવ શ્રી કન્યા કેળવણી મંડળના પ્રમુખ ડૉ. અમૃતલાલ એન. પટેલના અધ્યક્ષસ્થાને શાળાના પટાંગણમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન જિજ્ઞેશભાઈ પટેલ, દિક્ષાંત પ્રવચક જે.સી. નિમેષભાઈ આચાર્ય, કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ તથા મોટી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શાળાની વિદ્યાર્થીનીઓએ રજુ કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમે સર્વેના મન મોહી લીધા હતા. કેળવણી મંડળ, મહેમાનો તથા વાલીઓએ રૂ. ૫૦૦૦૦ જેટલું માતબર ઈનામી ફંડમાં દાન આપીને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું શાળાના સંચાલક અંબાલાલ પટેલે સંકલન કર્યુ હતુ.

# મોડાસાની ગજાનંદ સોસાયટીમાં ભરબપોરે ચોરોએ હાથફેરો કર્યો

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ચોરોનો ત્રાસ વધી ગયો છે. રાત્રી દરમિયાન સક્રિય રહેતી



(તસવીર : જય અમીન, મોડાસા)

ટોળકીઓ આજે દિવસના સમય દરમ્યાન ચોરીની ઘટનાને અંજામ આપતાં મોડાસા શહેર નગરના સોસાયટી વિસ્તારમાં રહેતા પ્રજાજનો ચિંતીત બન્યા છે. મોડાસા ટાઉન પોલીસની કામગીરી સામે લોકોના મનમાં અનેક પ્રશ્નાર્થ ઉદ્ભવ્યા છે.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી ગજાનંદ સોસાયટીમાં આજે બપોરે ૧ વાગ્યાની આસપાસ એક બંધ મકાનને નિશાન બનાવી લુંટારૂ ગેંગના સભ્યો ચોરીને અંજામ આપી પલાયન થઈ ગયા હતા. ગજાનંદ સોસાયટીમાં રહેતા શિક્ષક દંપતીના બંધ મકાનને નિશાન બનાવી ઘટનાને અંજામ આપતી વખતે શિક્ષક દંપતીના ઘરે ઘરકામવાળી બાઈ આવી પહોંચતા ચોરોનો મનસુબો પાર પડ્યો ન હતો. શિક્ષક તરીકે નોકરી કરતા ડાહ્યાભાઈ એમ. પ્રમાણી અને તેમના પત્નિ ઘર બંધ કરીને નોકરી જતા હોવાથી કોઈ જાણભેદુ કે લબરમુછીયા ગેંગ અથવા તસ્કર ટોળકીના સભ્યોએ ઘરની જાળીનો નકુચો તોડી ઘરમાં રાખેલા કબાટમાંથી સોનાની બુટ્ટી, ચાંદીના કડા અને ૨૦૦૦ રૂપિયા રોકડા મળી કુલ ૨૫૦૦૦ રૂ.ની ચોરીને અંજામ આપી ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. ચોરો જ્યારે ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા હતા ત્યારે આ દંપતિના ઘરે ઘરકામ કરતી બાઈ આવી પહોંચતા અને ઘરમાં અવાજ સંભળાતા ઘરની જાળી સામે નજર કરતાં જાળીના તાળા અને નકુચો તોડી ચોર ટોળકી ચોરીને અંજામ આપી રહી હોવાની જાણ થતાં ગભરાઈ ગયેલી ઘરકામવાળી બાઈએ બૂમાબૂમ કરતાં આજુબાજુના રહીશો દોડી આવે તે પહેલા ચોરોને અણસાર આવી જતાં લોકો આવી પહોંચે તે પહેલા જે હાથમાં લાગ્યુ તે લઈને ફરાર થઈ ગયા હતા. આજુબાજુના રહીશોએ આ ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને કરતાં મોડાસા ટાઉન પી.એસ.આઈ. ભાવનાબેન પટેલ, શૈલેષભાઈ રાઠોડ, અરવિંદભાઈ પરમાર અને બીજા પોલીસકર્મીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. મોડાસા ટાઉન પોલીસે ચોરી થયા અંગે ગુનો નોંધી ચોર ટોળકીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મોડાસા નગરપાલિકા દ્વારા લારી ગલ્લાવાળાઓ ને યોગ્ય જગ્યા ન ફાળવી આપતા રોડ ચકકાજામ કરાયો

(સમીર બલોચ /જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા તા.૨૪

સાબરકાંઠા જીલ્લા માં થી

(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ મોડાસા)







અરવલ્લી જીલ્લો અલગ બન્યા પછી મોડાસા શહેર ને અરવલ્લી જીલ્લા ના વડા મથક તરીકે જાહેર કરવામાં આવ્યો હતો ત્યારે જીલ્લા ની મોટાભાગ ની વહીવટી ઓફીસો મોડાસા ખાતે હોઈ આજુબાજુ ની તાલુકા ની જનતા ને પોતાના કામકાજ માટે મોડાસા ખાતે આવવુ પડે છે ત્યારે મોડાસા શહેર માં દીવસે ને દિવસે ટ્રાફીક ની સમસ્યા વકરતી જતી હતી

ત્યારે છેલ્લા કેટલાક દિવસ થી મોડાસા નગરપાલ્કા ધ્વારા આ ટ્રાફીક ની સમસ્યાને હળવી કરવા માટે રોડ ઉપર ગેરકાયદેસર દબાણ કરી ને બેઠેલા લારી ગલ્લા વાળાઓને હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જેને લઈ ને છેલ્લા કેટલાય દિવસ થી આ બાબતને લઈને લારી ગલ્લા વાળાઓ અને નગરપાલિકા ના સત્તાધિશો આમને સામને આવી ગયા છે આ બાબતે લારી ગલ્લા વાળઓ પોતાની રોજી રોટી છીનવીલીધાના આક્ષેપ સાથે અને યોગ્ય જગ્યા ફાળવી આપવા માટે આવેદનપત્ર આપવા માં આવ્યુ હતુ ત્યારે બે દિવસ પહેલા નગરપાલિકા ના કર્મચારી ને લારી ગલ્લા વાળા ઓ ધ્વારા માર મારવામાં આવ્યો હતો અને કપડા પણ ફાળી નાખવા માં આવ્યા હતા ત્યારે આ લારી ગલ્લા વાળાઓ ને યોગ્ય ન્યાય ન મળતા મહેશ ઘોડા કોર્પોરેટ ની આગેવાની હેઠળ આજે મોડાસા ચાર રસ્તા ખાતે રોડ ચકકાજામ કરી દેવા માં આવ્યો હતો જયારે આ બાબતે પોલીસ અને નગરપાલીકા ના અધિકારીઓ એ દરમ્યાનગીરી કરી અને યોગ્ય જગ્યા ફાઈવી આપવાનુ આશ્વાસન આપતા રોડ ખુલ્લો કરવામાં આવ્યો હતો

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦